શ્રવણ સુખધામ સંસ્થામાં કુંભારરત્ન સન્માન સમારંભ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના બામણા-પુનાસણ ખાતે આવેલ શ્રવણ સુખધામ સંસ્થા દ્વારા લેખકશ્રી ઈશ્વર પ્રજાપતિના અધ્યક્ષ પદે કુંભાર રત્ન સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રજાપતિ સમાજના વ્યક્તિવિશેષ લેખકો, રમતવીરો, લોકગાયકા અને લોક સાહિત્યકાર વગેરેનું સંસ્થા સંચાલક ઈન્દુબેન એસ.પ્રજાપતિ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં લોક સાહિત્યકાર કમલેશ પ્રજાપતિ, લોકગાયિકા કુમારી કિરણ પ્રજાપતિ, મોટીવેશન સ્પીકર કમલેશ રહિયોલી, સંદીપ જે.ડી. પ્રજાપતિ, લેખક પાર્થ પ્રજાપતિ, ઈશ્વર પ્રજાપતિ, તરલીકા પ્રજાપતિ, જગદીશ પ્રજાપતિ સહિત સાહિત્ય રત્નોનું પ્રજાપતિ સમાજના જીવાદોરી ગણાતું ચાપડાનું પ્રતીક આપી સન્માનિત કરી શુભેચ્છા પાઠવી હતી.

ડીસામાં યુવકે પંખે ઓઢણી બાંધી ગળેફાંસો ખાઈ જીવન દોરી ટૂંકાવી

ડીસા ખાતે આવેલી ગેલેક્સી સોસાયટીમાં આજે એક યુવકે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરતાં સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ચકચાર મચી જવા પામી છે. બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં છેલ્લા કેટલાક સમયથી આત્મહત્યાના બનાવોમાં ચિંતાજનક હદે વધારો થયો છે થોડા દિવસ અગાઉ શહેરની આસોપાલવ સોસાયટીમાં યુવકે આત્મહત્યા કરી હતી ત્યારબાદ બીકે ગેલેક્સી સોસાયટીમાં રહેતા જયેશ ઉર્ફે રાવડી કિશનભાઈ ધોબીએ પોતાના રહેણાંક મકાનમાં અગમ્ય કારણોસર પંખા પર ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ચકચાર મચી જવા પામી છે. ઘટનાના પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. યુવકે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરતા એક મહિનાની બાળકીએ તેના પિતાની છત્રછાયા ગુમાવવાનો વારો આવ્યો હતો. આ ઘટનાની જાણ ડીસા ઉત્તર પોલીસને કરાતા પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી મૃતકની લાશને ડીસા સિવિલ પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજમા ચંદન ચોરનો તરખાટ એક અઠવાડીયામા બીજુ ઝાડ કપાયુ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પિલુદા રોડ ઉપર આવેલ ખેતર માંથી ચંદન ચોરો એક ચંદન નુ ઝાડ કાપી ગયા.પ્રાંતિજ ખાતે જાણે ચંદન ચોર ગેંગ સક્રિય થઈ હોય તેમ પીલુદા રોડ ઉપર આવેલ ખેતર માંથી એક અઠવાડીયા પહેલાજ જગદીશભાઈ રમણભાઈ પટેલ ના ખેતરમાંથી તૈયાર થયેલ ચંદન નુ એક ઝાડ કાપી ગયા હતા ત્યારે તા.૨૬/૦૨/૨૦૨૨ ના રાત્રીના સમયે આ વિસ્તાર માંથી મુકેશભાઈ ગીરધરભાઈ પટેલ ના ખેતર મા આવેલ ૨૦ વર્ષ જુનુ ચંદન નુ ઝાડ કાપ્યુ હતુ ત્યારે પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ખેડૂત મુકેશભાઈ ગીરધરભાઈ પટેલ દ્વારા અજાણ્યા ચંદન ચોર વિરૂધ્ધ અરજી આપવામા આવી હતી ત્યારે પ્રાંતિજ માં ચંદન ચોર ગેંગ સક્રિય થતા પ્રાંતિજ સહિત તાલુકામા ચંદન ની ખેતી કરતા ખેડૂતો મા હાલતો ભંય નો માહોલ જોવા મળી રહ્યો છે.

૧૫ દિવસથી રામગઢીમાં પીવાનું પાણી નથી...!! મહિલાઓનો બાળકો સાથે પંચાયતમાં હલ્લાબોલ

અરવલ્લી જીલ્લામાં ચોમાસુ દસ્તક લઈ રહ્યું છે વહીવટી તંત્રના સબ સલામતના પોકળ દાવાઓ વચ્ચે અંતરિયાળ વિસ્તારો સહીત મોડાસા તાલુકાના ગ્રામજનો પણ પીવાના પાણી માટે વલખા મારવા પડતાં હોવાથી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે મેઘરજ તાલુકાના રામગઢી ગામમાં પાણી માટે દર દર ભટકવું પડતા મહિલાઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અનુસૂચિત જાતિ સમાજની મહિલાઓ આખરે પાણીના પોકાર માટે રણચંડી બની ગ્રામ પંચાયતમાં માટલા ફોડી પાણી આપો ...પાણી આપોની બૂમો પાડી આક્રોશ ઠાલવ્યો હતો ગ્રામ પંચાયત અને જવાબદાર તંત્ર પાણી અંગે જુઠ્ઠાણું ફેલાવતું હોવાનો આક્ષેપ કર્યો હતો ભાજપના રાજમાં અધિકારીઓ પ્રજાજનોની વાત "કહેતા ભી દીવાના અને સુનતા ભી દીવાના" કહેવતની જેમ ગણકારતા ન હોવાથી પ્રજાજનો વહીવટી તંત્ર અને જવાબદાર તંત્રને ઘોર નિંદ્રામાંથી બહાર લાવવા આક્રોશરૂપી નિતનવા નુસ્ખા અપનાવી રોષ ઠાલવી રહ્યા છે. મેઘરજ તાલુકાના રામગઢી ગામમાં અનુસૂચિત જાતિ સમાજના ફળિયામાં છેલ્લા ૧૫ દિવસથી રોજીંદા વપરાશ માટે પાણી ન મળતા પરિવારજનો પાણી માટે ૩ થી ૫ કિલોમીટર ધોમધખતા તાપમાં એક બેડાં માટે ભટકવું પડી રહ્યું છે પીવાના પાણી માટે વાહનો મારફતે કે પછી સાયકલ પર પાણી મેળવવા રઝળપાટ કરવો પડતો હોવાથી આખરે મહિલાઓ ગામમાં એકઠા થઈ ગ્રામપંચાયતમાં પહોંચી જવાબદાર તંત્રના છાજીયા લઈ, માટલા ફોડી વિરોધ નોંધાવી સૂત્રોચ્ચાર કરી ગ્રામ પંચાયતના સત્તાધીશો અને જવાબદાર તંત્રને પાણીની વ્યથા અંગે જગાડવા પ્રયત્ન કર્યો હતો.

પોલીસ ઉપર ફાયરીંગ પ્રકરણમાં ૧૦૦ જણના ટોળા સામે ગુનો

પોશીનાના કાલીકાંકરમાં સીવીલ ડ્રેસમાં તપાસ માટે આવેલા પોલીસ કર્મીને ફટકારતો વિડીયો વાયરલ

બનાવના ૩૬ કલાક પછી પણ આરોપીઓ પોલીસ પકડથી દૂર

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૩

પોશીના તાલુકાના કાલીકાંકરના ગૌરીફળોમાં ગેરકાયદે હથિયારો શોધવા ગયેલી પોલીસ ઉપર ટોળાએ ખૂની હુમલો અને ગોળીબાર કરતાં ખળભળાટ મચ્યો છે. પોલીસે ૭ આરોપીઓ સહિત ૧૦૦ જણના ટોળા સામે એટેમ્પટુ મર્ડર સહિતના ગુના નોંધી તપાસ હાથ ધરી છે. જ્યારે સીવીલ ડ્રેસમાં તપાસ માટે આવેલા પોલીસ કર્મીને ફટકારતો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે. આરોપી પોલીસની બીકથી ડુંગર ઉપર અદ્રશ્ય થઈ ગયા છે. પોલીસ દ્વારા આરોપીઓને શોધવા સઘન કોમ્બિંગ હાથ ધરાયું. પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાના કાલીકાંકરના ગરીફળોમાં રહેતા જોશી તેજાભાઈ ગમારના ત્યાં લાયસન્સ વગરની દેશી બનાવટની બંદૂક હોવાની પી.એસ.આઈ., આર.જે.ચૌહાણને બાતમી મળતાં બુધવારે સવારે પોલીસ કુમક સાથે સ્ટાફ બાતમી આધારીત સ્થળે પહોંચ્યો હતો. જ્યાં ગેરકાયદે હથિયાર મળી આવ્યા પછી પરિવારના સભ્યોએ બુમાબુમ કરતાં નજીકમાં લગ્નના અવસરમાં એકત્ર થયેલું ટોળું ધસી આવ્યું અને પોલીસ ઉપર પથ્થરમારો અને પોલીસે જપ્ત લીધેલી ગેરકાયદે બંદૂકમાંથી કોઈએ ફાયર્ગ કરતાં એક પોલીસ કર્મીને છરા વાગ્યા હતા અને અન્ય ૪ પોલીસ કર્મીઓ પથ્થરમારામાં ઈજા પહોંચાડી પોલીસે જપ્ત કરેલી બંદૂક લૂંટી ફરાર થઈ ગયા હતા. પોલીસ દ્વારા ૭ આરોપીઓ સહિત ૧૦૦ જણના ટોળા સામે ગુનો નોંધ્યો છે પરંતુ પોશીના પોલીસ સ્ટેશનના પોલીસ કર્મી સીવીલ ડ્રેસમાં સરકારી વાહનમાં બેસીને તપાસ માટે ગયા હતા તેમને ટોળાએ નિર્જન દેખાતા સ્થળે ઘેરી લઈ ફટકારતો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે જેમાં પોલીસ કર્મી પોતે હું પીધેલો છું તેવી હકીકત સ્વીકાર્યાનું પણ સાંભળવા મળી રહ્યું છે. પોલીસ દ્વારા લાપત્તા થયેલા તમામ આરોપીઓને શોધવા માટે આસપાસના અનેક વિસ્તારોમાં કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું છે.

આરોપીઓ..

જોશી તેજાભાઈ ગમાર, રહે.ગરીફળો, કાલીકાંકર
ચોખલીબેન તેજાભાઈ ગમાર, રહે.ગૌરીફળો, કાલીકાંકર
ગીતાબેન જોશીભાઈ ગમાર, રહે.ગરીફળો, કાલીકાંકર
કમલેશ દીતાભાઈ ગમાર, રહે.રોપાડોરાફળો, કાલીકાંકર
અજીત સાયબાભાઈ ગમાર, રહે.રોપાડોરાફળો, કાલીકાંકર
મકના ગોપાભાઈ ગમાર, રહે.રોપાડોરાફળી, કાલીકાંકર
સાધુ સોનાભાઈ ગમાર, રહે રોપાડોરાફળો, કાલીકાંકર

આરોપીઓની શોધખોળ ચાલુ — પી.એસ.આઈ.

પોશીના પી.એસ.આઈ., આર.જે.ચૌહાણે જણાવ્યું કે પોલીસ ઉપર ફાયરિંગ બાદ પથ્થરથી હુમલો કરનારા આરોપીઓ બનાવ પછી જંગલોમાં છૂપાઈ ગયા છે. પોલીસની ટીમ દ્વારા આરોપીઓની શોધખોળ ચાલુ છે.

બાયડ એ.ટી.ડી. કોલેજના પ્રિન્સીપાલ, અધ્યાપકનો નિવૃત્ત સન્માન સમારોહ યોજાયો

ટ્રસ્ટીઓએ તેમની યશસ્વી સેવાઓને બિરદાવી, સન્માનપત્ર આપ્યું

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૩

બાયડની જાણીતી એ.ટી.ડી. કોલેજના પ્રિન્સીપાલ અશોકભાઈ વી. જોષી અને અધ્યાપક પિયુષકુમાર જી. સુથાર યશસ્વી સેવાઓ આપી વયમર્યાદાના કારણે તા.૩૧, મે ૨૦૨૨ના રોજ નિવૃત્ત થતાં તેમનો નિવૃત્તિ સન્માન સમારોહ શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ-બાયડના પ્રમુખ હેમંતભાઈ કે. પટેલ, મંત્રી ગીરીશભાઈ કે. પટેલ ઈન્ચાર્જ આચાર્ય ઈશ્વરભાઈ પી. પટેલ સહિત ટ્રસ્ટી મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં તાજેતરમાં યોજાઈ ગયો. ચિત્ર કલાક્ષેત્રે સમગ્ર ગુજરાતમાં બાયડ કોલેજને ગૌરવ અપાવનારા નિવૃત્ત કર્મચારીઓની યશસ્વી સેવાઓને બિરદાવી સન્માનપત્ર આપવામાં આવ્યું ત્યારે કર્મચારીઓ ભાવુક થયા હતા.

શૈક્ષણિક સંસ્થાઓમાં વર્ષો સુધી સેવાઓ આપનારા કર્મચારીઓનું સન્માન થવું જોઈએ. બાયડ એ.ટી.ડી. કોલેજના પ્રિન્સીપાલ અને અધ્યાપક સંસ્થામાં જોડાયા ત્યારથી સંસ્થાને પોતિકી સંસ્થા ગણી તેના વિકાસમાં અમુલ્ય સહયોગ આપવાની સાથે એક તબક્કે એ.ટી.ડી. કોલેજો ઉપર સંકટ આવ્યું ત્યારે પણ ટ્રસ્ટીઓની પડખે રહી શૈક્ષણિક સંસ્થાને જીવંત રાખવામાં અમુલ્ય યોગદાન આપવામાં આવ્યું હતું. સમગ્ર રાજ્યમાં બાયડ એ.ટી.ડી. કોલેજમાં અભ્યાસ કરનારા અનેક છાત્રો સરકારી તેમજ અર્ધ સરકારી તેમજ સ્વનિર્ભર સંસ્થાઓમાં ચિત્ર શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે. જેમાં સંસ્થાના આચાર્યથી માંડી સ્ટાફ અને મંડળે અનેક છાત્રોના ભાવિને ઉજ્વળ બનાવ્યું હતું. સંસ્થાના પ્રિન્સીપાલ અશોકભાઈ જોષી અને અધ્યાપક પિયુષાભાઈ સુથાર નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ યોજાયો જેમાં ટ્રસ્ટીઓ દ્વારા તેમનું નિવૃત્તિમય જીવન સુખમય બની રહે અને લોક કલ્યાણના કાર્યોમાં નિવૃત્તિ સમય વ્યસ્ત થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી.

પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે

પ્રાંતિજ ખાતે બી.એ.પી.એસ સંસ્થા દ્વારા વ્યસન મુક્તિ રેલી કાઢવામાં આવી

બાળકો, નાના-મોટા થઈ હજારોની સંખ્યામા હરિભકતો વ્યસન મુક્ત રેલીમા જોડાયા : ત્રણ રસ્તા યોગેશ્વર સોસાયટી ઉપર થી રેલ્વેસ્ટેશન સુધી વ્યસન મુક્તિ રેલી યોજાઈ

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ વંદનીય સંત વિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ ના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વ્યસન મુક્તિ રેલી યોજાઈ હતી જેમા બાળકો યુવાનો નાના-મોટા સોવકોઈ હરિભકતો હજારોની સંખ્યામા રેલીમા ઉપસ્થિત રહ્યા હતા

બી.એ.પી.એસ. સંસ્થા ના બાળ-બાલિકા પ્રવૃત્તિ દ્વારા સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર સહિત દેશ માં વ્યસન મુક્તિ અભિયાન અને પ્રકૃતિ સંવર્ધન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે જેના ભાગ રૂપે પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ યોગેશ્વર સોસાયટી થી એક વ્યસન મુક્તિ રેલી કાઢવામાં આવી હતી જેમાં બી. એ. પી. એસ.સંસ્થા તરફથી પૂજ્ય કોઠારી સંત સ્વામી તથા આનંદ દેવજી સ્વામી ઉપસ્થીત રહ્યા હતા અને પ્રાંતિજ વિસ્તારના બાળ અને બાલિકા પ્રવૃત્તિ સંભાળતા કાર્યકરો તેમજ બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને એપ્રોચરોડ ઉપર આવેલ સ્વામિનારાયણ મંદિર અને ત્યાંથી રેલ્વેસ્ટેશન સુધી આ રેલી વિવિધ પ્લે કાર્ડ, બેનર સાથે ફરી હતી અને તમાકુ ગુટકા જેવા વ્યસનો થી મુક્ત થવાનો સંદેશ આપ્યો હતો 'બીજાના ભલામાં આપણું ભલું છે, બીજાના સુખમાં આપણું સુખ છે આ જ જીવન ભાવના સાથે પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે સપોતાના જીવનકાળ દરમિયાન ૪૦ લાખથી વધુ લોકોને વ્યસનમુક્ત કર્યા હતા તેમની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં ૧૫ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર અને સંવર્ધન થયું છે વીજળી અને પાણીની બચત માટે તેઓએ પોતાના જીવન દ્વારા અનેકને પ્રેરણાઓ આપી છે આવા વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે અને ભારતની આઝાદીના અમૃત મહોત્સવ ઉપક્રમે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની બાળ-બાલિકા પ્રવૃત્તિ દ્વારા 'વ્યસનમુક્તિ અભિયાન' અને 'પ્રકૃતિ સંવર્ધન અભિયાન'નું આયોજન મે મહિનામાં કરવામાં આવ્યું હતું સંસ્થાના હાલ ના વડા મહંતસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના ૧૬,૦૦૦ બાળકોના ૪૨૦૦ વૃંદ ઉનાળુ વેકેશનમાં વ્યસનમુક્તિ અભિયાનમાં જોડાયા હતા ઘર, દુકાન, ઓફીસ, ફેક્ટરી, બસ સ્ટેશન, જાહેર સ્થળો વગેરે જગ્યાએ ફરીને આ બાળકોએ ૧૪ લાખ જેટલા લોકોનો વ્યક્તિગત સંપર્ક કર્યો હતો દેશભરમાં યોજાયેલ આ અભિયાનમાં બાળકોએ વ્યસનથી થતા નુકસાનની વિગતવાર સમજૂતી લોકોને આપી હતી તારીખ ૮ મે થી ૨૨ મે દરમિયાન યોજાયેલ આ અભિયાનમાં બાળકોએ કરેલા વિનમ્ર પ્રયાસના પરિણામે દેશભરના ૪ લાખ વ્યક્તિઓએ આજીવન વ્યસનમુક્ત રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી આ ઉપરાંત ૧૦ લાખ જેટલા લોકોએ અન્યને વ્યસનમુક્ત કરવાનો સંકલ્પ કર્યો હતો.

વ્યસનમુક્તિ અભિયાનની સમાંતર બી.એ.પી.એસ. સંસ્થાની ૧૪,૦૦૦ બાલિકાઓના ૩૩૦૦ વૃંદ દ્વારા સમગ્ર દેશમાં 'પ્રકૃતિ સંવર્ધન અભિયાન' યોજાયું. દેશભરમાં યોજાયેલ આ અભિયાનમાં બાલિકાઓએ ઘરોઘર જઈને ૧૨ લાખ જેટલા લોકોને મુખ્ય ત્રણ સંદેશ આપ્યા. ૧. પાણી બચાવો. ૨. વીજળી બચાવો. ૩. વૃક્ષ વાવો. આ ત્રણેય સંદેશ માટે લોકો કેવા કેવા પગલાઓ ભરી શકે તે માટે બાલિકાઓ સૌને માર્ગદર્શન અને પ્રેરણાઓ આપી હતી

રેશ્મા પટેલ માફ કરી શકે ભરતસિંહ સોલંકીને....પણ ગુજરાતની જનતા માફ કરી શકશે??

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...?

બાયડ તા.૩

ગુજરાત કોંગ્રેસની રહી સહી આબરૂ પણ લીલામ થવા જઈ રહી છે... 'ભરતસિંહ સોલંકી જેવા ગુજરાત કોંગ્રેસના પ્રમુખ નેતા પણ અશ્લીલતાની હદ વટાવતા હોય તેવો વિડીઓ સોસીયલ મીડિયા ઉપર ફરી રહ્યો છે....' ભરતસિંહ સોલંકી અને તેમની પત્ની રેશમા પટેલનો વિવાદ અને ખટપટ છેલ્લા ગણા સમયથી ગુંજી રહી હતી, પણ હવે તો રેશ્મા પટેલે તેમને રંગે હાથે ઐયાશી કરતા ઝડપી લીધા...વિડીઓ ઉતર્યા, મારપીટ થઈ, ધક્કામુક્કી અને ગાળાગાળી પણ થઈ... ઘર ઘર માટીના ચૂલા હોય અને ઝગડા પણ હોય તે નવાઈ નથી પણ કોઈ સ્ત્રી પોતાના પતિને પર સ્ત્રી જોડે પતિ પત્ની જેવો વ્યવહાર ચાલુ કરે ત્યારે ઘરની રામાયણ એક મહાભારતમાં પરિવર્તિત થઈ જાય...

અહીં સોલંકી પરિવારની રામાયણ કદાચ કોંગ્રેસ પરિવારમાં મોટું મહાભારત ઉભું કરે તો નવાઈ નહિ... ભરતસિંહની તો આબરૂ ગઈ પણ સાથે સાથે કોંગ્રેસના પ્રમુખ નેતા હોવાને નાતે કોંગ્રેસનું મોં પણ કાળું થયું!! 'રેશ્મા પટેલે ભરતસિંહનું ચરિત્ર બિલકુલ ખુલ્લું કરીને મૂકી દીધું, સાથે સાથે કોંગ્રેસની આબરૂના પણ કાંકરા કરી દીધા...' રેશ્મા પટેલે ભરતસિંહનું ચરિત્ર આ પહેલા પણ કોંગ્રેસ મોવડીમંડળને બતાવ્યું હતું પણ કોંગ્રેસે ગણકાર્યું નહોતું. આજે ફરી રહેલા સોસીયલ મીડિયા ઉપરના ભરતસિંહના વિડીઓ જોઈને બાકી રહેલા અને ના જાણતા એવા સૌ કોઈ કોંગ્રેસના આગેવાન એવા ભરતસિંહને સારી રીતે જાણી ગયા....

પોતાનાથી અડધી ઉંમરથી પણ નાની એવી ૨૪ વર્ષની છોકરી સાથે રંગરેલીયા મનાવતા કોંગ્રેસ નેતાને આખી દુનિયા જાણી ગઈ!! આ સ્વભાવ, આ પાપ આજનું તો નહીં જ હોય એ વર્ષોથી ચાલતું રહેલું હશે.... 'આવા આપણા નેતાઓ અને ઉચ્ચ હોદ્દા ઉપર પહોંચેલા ભરતસિંહ સોલંકી જેવાઓ લોકતંત્ર માટે લાંછન લગાડી રહ્યા છે...' નેતૃત્વ કરતા કોઈપણ લીડર માટે ચારિત્ર્ય ખૂબ મહત્વનું હોય છે કારણકે તેમને ફોલો કરવાવાળા લાખો લોકો તેમની પાછળ જોડાયેલા હોય છે!!

હવે સવાલ એ નથી કે ભરતસિંહની આબરૂ ગઈ.... આબરૂ તો કોંગ્રેસની પણ ખૂબ ગઈ કારણકે કોંગ્રેસે તેમને ભૂતકાળમાં ગુજરાતનું સુકાન સોંપ્યું હતું... 'કોંગ્રેસ પોતાના નેતાઓને પરખવામાં નિષ્ફળ રહી તેવુ સાબિત થઈ ગયું....' કદાચ રેશ્મા પટેલ મને કમને પોતાના પતિ ભરતસિંહને માફ કરી દેશે પણ લાખો કોંગ્રેસીઓના દિલને ઠેશ પહોંચાડનાર કોંગ્રેસના લોકો તેમને માફ કરશે?

બનાસકાંઠા જિલ્લાનાઅમીરગઢના ઈસવાણીના મંદિરના પુજારી પર રીંછ હૂમલો કર્યો

આંખ નીકળી ગઇ, પાલનપુર સિવિલમાં સારવાર બાદ અમદાવાદ ખસેડાયા

પાલનપુર તા.૩

બનાસકાંઠા જિલ્લામાં આવેલા જેસોર અભયારણ્ય અડીને આવેલા અમીરગઢ તાલુકાના ઈસવાણી ગામના પૂજારી મંદિરની બહાર જઈ રહ્યા હતા .ત્યારે જંગલ વિસ્તારમાંથી પસાર થઈ રહેલા રીંછે મોઢા પર જ પંજો મારી દેતા ચહેરો લોહીલુહાણ થઈ ગયો હતો. અત્યંત ગંભીર હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ વાન દ્વારા પાલનપુર સિવિલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા . આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જયાં પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પાલનપુર સિવિલ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું કે "ભૂતાભાઈ ઈન્દ્રભાઈ પરમાર (ઉ. ૫૫ રહે ઈસવાણી. તા.અમીરગઢ) ને મોઢા પર ઈજાઓ વધુ પ્રમાણમાં હોવાથી અહી સ્ટ્રેચ લઈને તેમને અમદાવાદ રીફર કરવામાં આવ્યા હતા. રીંછે પંજો મારી આંખને ગંભીર ઈજા પહોંચાડી હતી.પરિવારના સભ્યોએ જણાવ્યુ હતુ કે "રાત્રીના ત્રણ વાગ્યાના સુમારે રીંછે હૂમલો કરતા માથાનાભાગે તેમજ ડાબી સાઈડની આંખને કોતરી ખાતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. જેથી તેમને પાલનપુર સારવાર માટે લાવ્યા હતા.

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના કંસારીની ગાયત્રી સખી મંડળે ગેનાજી ગોળીયામાં શૌચાલય કૌભાંડ આચર્યું હોવાનો આક્ષેપ

કૌભાંડ આચરનારાઓ સામે ફોજદારી કાર્યવાહી કરવા ગામ લોકોએ માંગ કરી

પાલનપુર તા.૩

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ગેનાજી ગોળીયા ગ્રામ પંચાયતમાં મૃતકોના નામે ખોટા રેકર્ડ પર શૌચાલય બનાવી કૌભાંડ આચર્યું હોવાનો ગામલોકોએ આક્ષેપ કર્યો છે. ગ્રામજનોએ ગુરુવારે જિલ્લાના વિકાસ અધિકારીને રજુઆત કરતા તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે .જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ગેનાજી ગોળીયા ગામમાં ૨૧-૨૨ વર્ષમાં શૌચાલયના ફોર્મ ભરવામાં આવ્યા અને ફોર્મ સરકારમાં જતા જેટલા શૌચાલય બનાવવામાં આવ્યા છે. જેમાં કેટલાકના શૌચાલય પૂર્ણ તો કેટલાક અધુરા બનાવવામાં આવ્યા. જેને લઈ ગ્રામજનોએ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરીને જણાવ્યું હતું કે "સખી મંડળ દ્વારા આધારકાર્ડ તથા જરૂરી ડોકયુમેન્ટ મેળવી તેમના નામે બારોબાર પૈસા ઉઠાવી ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો છે. અને અનેક પ્રકારની ક્ષતિઓ આચરવામાં આવી છે." આ રજૂઆત ધ્યાને આવતા ડીડીઓ સ્વપ્નિલ ખરે એ સમગ્ર મામલે ગ્રામ વિકાસ એજન્સીને તપાસના આદેશ આપી રિપોર્ટ સબમિટ કરવા જણાવાયું છે.